## અમદાવાદના મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી (ને.ઈ.એકટ)ની કોર્ટ નં.૩૦,અમદાવાદ.

**C.C.No.69700/18**

### આંક–૧ લગત હુકમ

**૧.** ફરીયાદી ધ્વારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ.

**૨.** સદર કામે ફરીયાદી તથા તેમના વિ.વકીલશ્રી ધ્વારા હાલની વિડ્રો પુરસીસથી એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીના નવા સરનામા મળી આવેલ ન હોય જેથી શોધખોળ ચાલુ હોય, પરંતુ પક્ષકારો વચ્ચેની તકરારોને બાધ આવ્યા સિવાય,પક્ષકારો વચ્ચેની તકરારો કાયમ રાખી હાલની ફરીયાદ વિડ્રો કરતા હોવાનું જાહેર કરેલ છે.જેથી, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૭ ને ધ્યાને લેતાં, હાલના કામે ફરીયાદી હાલની ફરીયાદ વિડ્રો કરવા માંગતા હોઈ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૭ મુજબ હાલની ફરીયાદ માંડવાળ થવાને પાત્ર હોઈ, હાલની ફરીયાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૭ હેઠળ વિડ્રો કરવા ફરીયાદીને પરવાનગી આપવામાં આવે છે તથા આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીનું સરનામું મળી આવ્યેથી ફરીયાદી ધ્વારા પક્ષકારો વચ્ચેની હાલની તકરાર સંદર્ભે અન્ય કોઈ કાયદેસરની કાર્યવાહી ભવિષ્યે ઉપસ્થિત થાય તો, તેવી કાર્યવાહીને હાલના હુકમની કોઈ અસર રહેશે નહિં અને ફરીયાદી પોતાની રીતે ઉચિત જણાય તે કાનુની ઉપચાર માટે સ્વતંત્ર રહેશે. હાલનો કેસ વિડ્રોથી ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૯ મી, માહે–ડિસેમ્બર, વર્ષ : ૨૦૨૩ ના રોજ લોક અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૦૯–૧૨–૨૦૨૩
સ્થળ:અમદાવાદ.

**(કિરીટકુમાર બી.વાઘેલા)**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૦, અમદાવાદ
GJ01142